**<u>ડભોઈ પો.સ્ટે. પાર્ટ-સી ગુના રજી.નંબર-૧૧૧૯૭૦૧૪૨૬૦૩૦૧/ ૨૦૨૬, પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એ)(ઈ),૯૮(૨),૮૧,૮૩ અન્વયેના ગુનાના આરોપી રાહુલભાઈ રામસીંગ જાટવનાઓના જામીન અરજી તળે હુકમઃ-</u>**

૧. અરજદાર/આરોપીની જામીન અરજી વંચાણે લીધી. તે અન્વયે આરોપીના વિદ્વાન વકીલશ્રીને સાંભળ્યા અને તેમણે અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, આરોપીએ કહેવાતો કોઈ જ ગુનો કરેલ નથી, તદ્દન નિર્દોષ છે, પોલીસે શકના આધારે અટક કરેલ છે. તેઓ જણાવેલ સરનામે વર્ષોથી તેમના કુટુંબ કબીલા સાથે રહે છે. નાશી ભાગી જાય તેમ નથી. સદર કામના અરજદારને સદર ગુન્હાના કામે તા.૧૭.૦૨.૨૦૨૬ ના રોજ અટક કરી તા.૧૭.૦૨.૨૦૨૬ ના રોજ હકુમત ધરાવતી કોર્ટમાં આરોપીને રજુ કરી રીમાન્ડ અરજી નામંજુર કરતો હુકમ નામ.કોર્ટ કરેલ ત્યારથી આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં છે. આ કામના અરજદરાને રાઠવા દેવ જેનો મો.૮૭૫૮૪૩૧૧૦૪ વાળો નામ ના ઈસમે ભરેલી ગાડી મધ્યપ્રદેશ ભાભર ખાતેથી આપવામાં આવેલ છે, અને ગાડીમાં મીણીયાની ખાલી થેલીઓ ભરેલ છે અને તારે આ ગાડી લઈ વડોદરા જવાનુ છે અને તને લોકેશન આપુ તે પ્રમાણે જઈ રોકાવા જણાવેલ, જેથી સ્પષ્ટ થાય છે કે સદર કામે કહેવાતો દારુનો જથ્થો હાલના અરજદારનો નથી. કન્ટેનર (ટેમ્પો)અરજદારની માલીકીનુ નથી. અરજદાર માત્ર પોતાનુ પેટ રોદડીયુ કરવા માટે ડ્રાઈવર તરીકે મજુરી કરેલ છે. આમ અરજદારને દારુના મુદામાલ સાથે કોઈ જ લેવા દેવા નથી માત્ર શંકાના આધારે ખોટી રીતે ખોટા ગુનામા સંડોવી દીધેલ હોય નામદાર કોર્ટ જે કોઈ શરતો ફરમાવશે તે શરતો પાળવા ખુશી અને તૈયાર હોય, તે સંજોગોમાં જામીન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

૨. આ કામે સદર જામીન અરજી ઉપર સ્પે .એપીપીશ્રી જ્ઞાનચંદાણીનાઓને વોટસએપ ધ્વારા જાણ કરવામાં આવેલ. જેઓ નામ.કોર્ટમાં હાજર રહેલ નથી.

૩. આ કામે અરજદાર/આરોપીના વિદ્વાન વકીલશ્રીની રજુઆતો સાંભળી તેમજ અરજદાર/ આરોપી ઉપર દાખલ થયેલ ગુન્હો ધ્યાને લીધો. આ કામે ફરીયાદની હકીકત વંચાણે લેતાં, આ કામના પકડાયેલ આરોપીએ પોતાના કબ્જાના ટેમ્પા મા વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂની પેટી નંગ-૪૮૦ જુમાં કુલ ક્વાટર નંગ-૨૩૦૪૦ કિ. ૨૩,૦૪,૦૦૦/- તથા અશોક લેલન્ડ ગાડી જેની કિ. ૧૦,૦૦,૦૦૦/- તથા મોબાઈલ નંગ-૦૧ જેની કિ. ૫,૦૦૦/- તથા રસ્સો નંગ-

૦૧ કી.રૂ. ૧૦૦/- ગણી તથા તાડપત્રી નંગ-૦૧ કી.રૂ.૧૦૦/- તથા રજી.કાગળોની ફાઇલ નગ ૦૧ કી.રૂ. ૦૦ મળી કુલ રૂપિયા ૩૩,૧૦,૧૦૦/- ના મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલ હોય તેમજ આ વિદેશી દારૂનો જથ્થા ભરેલ ગાડી આપનાર રાઠવા દેવ જેનો મો. ૮૭૫૮૪૩૧૧૦૪ વાળો ઇસમ જેના પુરા નામ સરનામાની ખબર નથી તે તથા મંગાવનાર તથા તપાસમા જણાઇ આવે તેઓ તમામ વિરુધ્ધમા ગુનો કરતી ફરીયાદ નોંધવામાં આવેલ છે.જે આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. આ કામના આરોપીએ સહ આરોપી રાઠવા દેવને ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી આપેલો. તથા ગાડીની માલિકીના પુરાવા તપાસ અર્થે કબજે કરેલ નથી તથા તપાસમાં તમામ સહ આરોપીઓએ પ્રોહીબીશનનો ગુન્હો આચરેલ છે. આ કામે મુદ્દામાલ દારુનો જથ્થો ૨૦ લીટરથી વધારે છે. જેથી, આ કામે આરોપીએ ગુન્હામાં ભજવેલ ભાગ તેમજ ગુન્હાની ગંભીરતા તેમજ સજાની જોગવાઈ તેમજ આરોપીની ગુન્હામાં સંડોવણી તેમજ આરોપી સદર ગુન્હો કરવા માટે ટેવાયેલા છે, જે વિગેરે ધ્યાનમાં લેતાં, આ કામના આરોપીને જામીન મુક્ત ન કરવા યોગ્ય, વ્યાજબી તથા ન્યાયિક જણાય છે. જેથી, હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી ન હોય, આરોપીની જામીન અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**- હુકમ -**

૪. આ કામે અરજદાર/આરોપી **રાહુલભાઈ રામસીંગ જાટવ**ની જામીન અરજી **"નામંજુર"** કરવામાં આવે છે.

**હુકમ** આજ તારીખ **૦૫ મી** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ડભોઈ.
તા.૦૫/૦૩/૨૦૨૫

(ક્રિષ્ણા સુધીર ખન્ના)
એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ, ડભોઈ.

જે.વી.કેસરિયા પી.એ.